રૂપરેખા

Book Number 1

# PARENT HELPER

જન્મથી પાંચ વર્ષની ઉંમરના નાના બાળકોમાં થતા વિકાસની માર્ગદર્શિકા

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ • અર્લી ચાઇલ્ડહુડ ઇન્ટરવેન્શન એન્ડ એજ્યુકેશન બ્રાંચ

## માતા-પિતા સહાયક...શ્રેણી

મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન માતા-પિતા સહાયક માહિતી પુસ્તકોની શ્રેણી પ્રકાશિત કરે છે જે વિવિધ આવડત વિકાસના ક્ષેત્રોને સામેલ કરે છે.

- ❒ પુસ્તક 1, માતા-પિતા સહાયક: **રુપરેખા**
- ❒ પુસ્તક 2, માતા-પિતા સહાયક: **સંવાદ**
- ❒ પુસ્તક 3, માતા-પિતા સહાયક: **અનુભૂતિ**
- ❒ પુસ્તક 4, માતા-પિતા સહાયક: **સામાજીકરણ**
- ❒ પુસ્તક 5, માતા-પિતા સહાયક: **શારીરિક હલનચલન વિકાસ**

એક જ માહિતી પુસ્તક માટે અથવા આખી માતા-પિતા સહાયક શ્રેણી માટે, અહીં સંપર્ક સાધો: Maryland State Department of Education, Division of Special Education/ Early Intervention Services, Early Childhood Intervention and Education Branch, 200 W. Baltimore Street, 9th floor, Baltimore, MD 21201; Voice: 410-767-0261; Toll Free: 1-800-535-0182; Fax: 410-333-8165.

PARENT HELPER, Copyright 2000 by the Maryland State Department of Education. અવતરણ સ્ત્રોત: MSDE રિસોર્સ મેન્યુઅલ: જન્મથી પાંચ વર્ષના વિકલાંગ બાળકો, 1980, 1982. સર્વાધિકાર સુરક્ષિત.

# PARENT HELPER

A GUIDE TO DEVELOPMENT IN YOUNG CHILDREN, BIRTH THROUGH AGE FIVE

## અનુક્રમણિકા


પ્રસ્તાવના ........ 2

વિકાસની રુપરેખાઓ ........ 3

વિકાસલક્ષી લક્ષ્યો ........ 3

શોધ પ્રક્રિયા ........ 9

તમે તમારા બાળકને શીખવામાં મદદ કરી શકો છો ........ 10

તમારા બાળકનું સૌપ્રથમ શીખવાનું વાતાવરણ ........ 10

ભલામણ કરેલી પ્રવૃત્તિઓ–

શિશુઓ માટે ........ 11

નવું જોવા જાણવા તૈયાર હોય ત્યારે ........ 11

બાળક હાથનો ઉપયોગ કરવા તૈયાર હોય ત્યારે ........ 11

તમારા બાળકના વિકાસને પ્રોત્સાહિત કરો ........ 13

શૈક્ષણિક પ્રવૃત્તિઓનો નમૂનો ........ 14


Book Number 1

## પ્રસ્તાવના:
## માતા-પિતા સહાયક માહિતી પુસ્તકોની શ્રેણી

માતા-પિતા તરીકે, તમે તમારા બાળકના જીવનમાં સૌથી મહત્વની પુખ્ત વ્યક્તિ છો. તમારું બાળક શાળાએ જવાની ઉંમરનું થાય તેના ઘણાં સમય પહેલાં, બાળક તમારી પાસેથી શીખશે. બાળક તમને નિહાળીને, તમારી સાથે રમીને, અને તમે તેની/તેણીની લીધેલી સંભાળથી શીખશે.

**માતા-પિતા સહાયક** માહિતી પુસ્તકોનું આલેખન તમારા બાળકના જન્મથી પાંચ વર્ષ સુધી બાળકની વૃદ્ધિ અને વિકાસમાં તમને મદદ કરવા કરાયું છે. દરેક માહિતી પુસ્તકમાં વિકાસલક્ષ ી લક્ષ્યોનો નકશો સામેલ છે જે તમને જુદા જુદા તબક્કે તમારા બાળકનો વિકાસ માપવામાં મદદ કરશે. દરેક તબક્કો તમારા બાળકની પ્રગતિ, શિક્ષણ, અને નવું જાણવાને સહાયક બનવા અને પ્રોત્સાહિત કરવા માટેની પ્રવૃત્તિઓ અને ભલામણો કરવાની તૈયારી બતાવે છે. અને દરેક તબક્કો પ્રારંભિક સંભાળ અને તમારા બાળકને પોતાની ક્ષમતા સુધી પહોંચવામાં મદદરૂપ થવા કાર્ય રત શિક્ષણ પૂરું પાડનારા લોકો સાથે ભાગીદારીઓ વિકસાવવા માટેની ભલામણો પૂરી પાડે છે.

**માતા-પિતા સહાયક** માહિતી પુસ્તકોમાં જોવા મળતી સંખ્યાબંધ ભલામણો માતા-પિતાઓએ પૂરી પાડેલી છે. અન્ય ભલામણો પૂરી પાડનારા લોકો દ્વારા તેઓનો સફળતાપૂર્વક ઉપયોગ થયો છે. અને જ્યાં વિકાસના દરેક સ્તરે શ્રેણીબદ્ધ પગલાઓની ભલામણ કરાય છે, તમારે તમારા બાળકની વ્યક્તિગત જરુરિયાતોને પહોંચી વળવા કેટલીક પ્રવૃત્તિઓમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે.

તમે તમારા બાળકના સૌથી પહેલા શિક્ષક છો. એવી આશા રખાય છે કે **માતા-પિતા સહાયક** માહિતી પુસ્તકોમાં જોવા મળતી માહિતીનો ઉપયોગ કરીને, તમે તમારા બાળકનું નિરીક્ષણ બિલકુલ નવા દૃષ્ટિકોણથી કરશો અને તેને/તેણીને પોતાની દુનિયા "શોધવામાં" સહાયક બનશો.

## અહીંથી ત્યાં...
### નાના બાળકોમાં વિકાસની લાક્ષણિક રુપરેખાઓ

વિકાસ પ્રક્રિયામાં, દરેક નવી આવડત અગાઉ શીખેલી બાબત પર વિકસતી હોય છે. ત્રણ મહિનાની ઉંમરમાં, બાળક પીઠ પર આડું પડીને પોતાના પગ હવામાં ઉછાળતું હોય છે. નવ મહિનાની ઉંમરે, એ જ બાળક જમીન પર પોતાના પેટથી ખસતું હોય છે. અને બાળક 24 મહિનાનું થાય ત્યાં સુધીમાં, પડયા વગર આખા ઓરડામાં દોડતું થાય છે.

લાત મારવી, પેટથી ખસવું અને દોડવું, આ બધામાં મોટે ભાગે શારીરિક હલનચલનનો વિકાસ સમાયેલ છે - જે નીચેના **માતા-પિતા સહાયક વિકાસલક્ષી લક્ષ્યો**ના નકશાઓમાં વિકાસલક્ષી ક્ષેત્રોનો એક ભાગ છે.

**અનુભૂતિ**: જાણવું, વિચારવું, જાગરુકતા
**સંવાદ**: ભાષા વ્યક્ત કરવી
**મોટું શારીરિક હલનચલન**: વિશાળ સ્નાયુઓનો વિકાસ
**સૂક્ષ્મ શારીરિક હલનચલન**: નાના સ્નાયુઓનો વિકાસ
**સ્વ-મદદ**: પોતાના માટે કાર્ય કરવું
**સામાજિક**: સ્વ-જાગરુકતા, અન્ય લોકો સામે પ્રતિક્રિયા

**વિકાસના લક્ષ્યોનાં** ચાર્ટ કિશોર બાળકોમાં વૃદ્ધિ અને વિકાસ માટેની લાક્ષણિક રુપરેખાઓ રજૂ કરે છે. તમે તમારા બાળકના વિકાસનું નિરીક્ષણ કરો ત્યારે, યાદ રાખશો કે કોઇ બે બાળકો બિલકુલ એકસરખા હોતા નથી, તેથી અહીં જણાવ્યા કરતા તમારું બાળક જુદા દરે પણ વિકસી શકે છે.

| | |
|---|---|
| અનુભૂતિ | • કોઇ વસ્તુ કે વ્યક્તિને જુએ છે<br>• હાથના હલનચલનને આંખોથી અનુસરે છે<br>• પરિચિત અવાજ સામે હકારાત્મક પ્રતિક્રિયા કરે છે<br>• નવા અવાજો સામે હલનચલનથી કે અવાજથી પ્રતિક્રિયા કરે છે |
| સંવાદ | • ઝીણાં, ગળાથી અવાજો કાઢે છે<br>• હળવો ગણગણાટ વ્યક્ત કરે છે, શબ્દોચ્ચાર કરે છે<br>• માતાના અવાજ સામે મલકાય છે<br>• મિત્રતા દેખાડનાર વ્યક્તિ સામે અવાજ કાઢીને પ્રતિક્રિયા કરે છે |
| મોટું શારીરિક હલનચલન | • શરીરના બાજુના ભાગથી પીઠ પર ગબડે છે<br>• માથું સીધી સ્થિતિમાં રાખવાનો કાબુ મેળવે છે<br>• હાથ હલાવે છે અને પીઠ પર આડા પડેલી સ્થિતિમાં પગ ઉછાળે છે<br>• પેટ કે પીઠ પર આડા પડેલી સ્થિતિમાં માથું કોઇ પણ બાજુ ફેરવે છે |
| | • પોતાના હાથનું હલનચલન નિહાળે છે<br>• એક વસ્તુથી બીજી વસ્તુ પર નજર કરે છે<br>• હાથમાં રાખેલી વસ્તુ મજબૂત પકડે છે<br>• ઊંચું, નીચું અને એક બાજુથી બીજી બાજુના હલનચલનને અનુસરે છે |
| સ્વ-મદદ | • મોઢામાં ડૂચો ભર્યો હોય તેવી પ્રતિક્રિયા દર્શાવે છે<br>• કંઇક ચૂસવાની પ્રતિક્રિયા દર્શાવે છે<br>• મોઢું ખોલે છે અને શીશી/સ્તન ચૂસે છે |
| સામાજિક | • ઊંચકવામાં આવે ત્યારે શાંત થઇ જાય છે<br>• ગલીપચી અને લાડ-પંપાળનો આનંદ માણે છે<br>• શારીરિક પ્રવૃત્તિથી ખુશી વ્યક્ત કરે છે<br>• ખવડાવતી વખતે થોડો સમય આંખમાં જોઇ રહે છે<br>• સ્વેચ્છાએ અથવા પરિચિત હાસ્ય, અવાજ, કે સ્પર્શ સામે મલકાય છે |

0 થી 3 મહિના

# વિકાસનાં લક્ષ્યો

| | 3 6 મહિના | 6 થી 9 મહિના |
|---|---|---|
| અનુભૂતિ | • માતાને ઓળખે છે<br>• ગુંજનની નકલ કરે છે<br>• વસ્તુઓ પર ક્રિયાનું પુનરાવર્તન કરે છે<br>• આંશિક સંતાડેલી વસ્તુઓ શોધે છે<br>• પકડતી વખતે હાથ અને વસ્તુ તરફ જુએ છે<br>• રમત ચાલુ રાખવા હલનચલન કે અવાજનો ઉપયોગ કરે છે | • પોતાનું નામ લેવાય તો પ્રતિક્રિયા કરે છે<br>• આંશિક સંતાડેલું રમકડું શોધી કાઢે છે<br>• સરળ, પરિચિત ઇશારાઓ, જેમ કે રમકડું હલાવવાનું અનુકરણ કરે છે<br>• દૃષ્ટિથી દૂર થઇ ગયેલી વસ્તુનું પગેરું કાઢે છે |
| સંવાદ | • જુદી જુદી વસ્તુઓ સામે વિવિધ અવાજોથી રડે છે<br>• અવાજો અને ધ્વનિ શોધવા માથું ફેરવે છે<br>• સ્વરો કાઢે છે, કાલું કાલું બોલવાની શરુઆત કરે છે<br>• અવાજો કાઢીને કે હલનચલન કરીને અવાજ સામે પ્રતિક્રિયા કરે છે | • માતાના અવાજ સામે મલકાય છે<br>• ગુંજનથી અભિવ્યક્તિ કરે છે, શબ્દોચ્ચાર કરે છે<br>• ઝીણાં, ગળાથી અવાજો કાઢે છે<br>• મિત્રતા દેખાડનાર વ્યક્તિ સામે અવાજ કાઢીને પ્રતિક્રિયા કરે છે |
| મોટું શારીરિક હલનચલન | • પેટથી પીઠ પર ગબડે છે<br>• પગ સુધી પહોંચી તેને મોઢા સુધી લાવે છે<br>• જમીન પરથી ઊંચું થાય છે, માથું અને છાતી ઊંચકે છે<br>• પેટ પર હોય ત્યારે કૂલા સીધા કરે છે, પગ ઊંચકે છે<br>• પોતાને બેઠેલી સ્થિતિમાં ધકેલે છે; થોડીક ક્ષણો માટે પોતાની જાતે બેસે છે | • પીઠ પર હોય ત્યારે માથું ઊંચકે છે<br>• પીઠ પરથી પેટ પર ગબડે છે<br>• ઊભી સ્થિતિમાં વજન ખમે છે<br>• ટેકા વગર બેસે છે અને રમકડાં લેવાનો પ્રયત્ન કરે છે<br>• હાથ અને ઘૂંટણ પર સંતુલન જાળવે છે<br>• જમીન પર પેટથી આગળ ખસે છે |
| સૂક્ષ્મ શારીરિક હલનચલન | • રમતમી વસ્તુઓ પછાડે છે<br>• વસ્તુઓ પકડવા આંગળીઓ અને હથેળીનો ઉપયોગ કરે છે<br>• બરાબર સામેની વસ્તુને પકડે છે, બંને હાથથી | • બે હાથથી તાળીઓ પાડે છે<br>• બીજું ક્યુબ આપવામાં આવે ત્યારે પહેલું પકડી રાખે છે<br>• રમકડું કે વસ્તુ હાથમાં લેવા કાંડું ફેરવે છે<br>• અંગૂઠો અને પહેલી આંગળીની બાજુથી મજબૂત પકડે છે<br>• એક હાથમાંથી બીજા હાથમાં વસ્તુઓની હેરફેર કરે છે |
| સ્વ-મદદ | • ચમચીથી શિશુ આહાર જમે છે<br>• શીશી લેવાનો પ્રયત્ન કરે છે અને પકડે છે<br>• વધેલી પ્રવૃત્તિ સાથે વધુ ખાવાની અપેક્ષા રાખે છે | • હાથથી ખવાતો ખોરાક હાથમાં લે છે<br>• ચાવવાની ક્રિયાઓની શરુઆત કરે છે<br>• શીશી લેવાનો પ્રયત્ન કરે છે અને પકડે છે<br>• કોઇની મદદથી કપમાંથી પીણું પીએ છે<br>• નરમ ખોરાક પકડે છે, બટકું ભરે છે, અને ચાવે છે |
| સામાજિક | • અજાણી વ્યક્તિઓને ધ્યાનથી જુએ છે<br>• શારીરિક રમત ગમે છે<br>• ઘણી વાર મોટા અવાજે હસે છે<br>• ખુશી કે અણગમાના અવાજો કાઢે છે<br>• અરીસામાંની છબી તરફ દોરાય છે<br>• એકલું રખાય અથવા નીચે મૂકાય ત્યારે રડે છે<br>• અપરિચિત વાતાવરણ વિશે જાગૃતિ બતાવે છે | • "પીક-અ-બૂ" જેવી રમતો રમે છે<br>• અરીસામાં પોતાની છબી સામે રમતિયાળ પ્રતિક્રિયા કરે છે<br>• ટૂંકા સમય માટે એકલું હોય તો પણ રમે છે<br>• તેની સાથે રમત કરવામાં આવે તો ખુશી વ્યક્ત કરે છે<br>• પરિચિત વસ્તુઓ લઇ લેવાય ત્યારે અણગમો બતાવે છે<br>• હાસ્ય અને અવાજના સૂરો જેવી સામાજિક નિશાનીઓ સમજે અને અનુકૂળ કરીને સ્વીકારે છે |



3 થી 9 મહિના

## અનુભૂતિ

- પૅટ-અ-કેક જેવી સરળ રમતો રમે છે
- દૃશ્યમાન રમકડાં કે વસ્તુઓ સાથે કામ કરે છે
- ઇચ્છિત વસ્તુ સુધી પહોંચવા ખસે છે
- સંપૂર્ણપણે સંતાડેલી વસ્તુ શોધે છે
- પુસ્તકમાંના ચિત્રો જુઓ છે
- ક્રિયા કરવા પુખ્ત વ્યક્તિ કે વસ્તુને સ્પર્શ કરે છે

- ફૉર્મ બોર્ડમાં એક આકાર સાચી રીતે રાખે છે
- વસ્તુઓ મેળવવા લાકડી જેવા સાધનનો ઉપયોગ કરે છે
- પઝલ બોર્ડમાં આકારો ઓળખે છે
- અપરિચિત અવાજો અને ઇશારાનું અનુકરણ કરે છે
- ઓછામાં ઓછાં એક ચહેરાના હાવભાવનું અનુકરણ કરે છે
- જણાવેલી કે જોઇતી વસ્તુ પર ઇશારો કરે છે

## સંવાદ

- પૅટ-અ-કેક રમે છે; હાથથી આવજો કરે છે
- ઉધરસ, જીભ બતાવવી, ચુંબન કરવું જેવી ક્રિયાઓની નકલ કરે છે
- "ના" કહેવામાં આવતા પ્રવૃત્તિઓ અટકાવે છે
- પુખ્ત વ્યક્તિની વાતનું પુનરાવર્તન કરે છે
- થોડાક શબ્દો અને ઇશારા સમજે છે
- વિશિષ્ટ બોલી કે અર્થ-રહિત અંકોક્તિઓ કરે છે
- નવા શબ્દોનું અનુકરણ કરે છે

- "ના" કહેવા માથું આમતેમ હલાવે છે
- સૌ પ્રથમ સ્વયંસ્ફુરિત શબ્દોનો ઉપયોગ કરે છે
- વિચાર વ્યક્ત કરવા "દુધ" જેવા એક શબ્દનો ઉપયોગ કરે છે
- સરળ હુકમનું પાલન કરે છે
- કહેવામાં આવેલી ક્રિયાઓ કરે છે

## મોટું શારીરિક હલનચલન

- હાથથી અને ઘૂંટણિયે આગળ ચાલે છે
- સ્થિર ટેકાનો ઉપયોગ કરીને, ઊભું થાય છે
- ઊભું હોય ત્યાંથી મદદથી અને પછી એકલું બેસી જાય છે
- રાચરચીલું પકડીને ચાલે છે
- ટેકાથી ચાલે છે
- ટેકો છોડી દે છે અને એકલું ઊભું રહે છે

- ઘસડાઇને દાદરો ચઢે છે
- રાચરચીલું પકડયા વગર ચાલે છે
- ઊંધા રહીને ઘસડાઇને દાદરો ઉતરે છે
- ફરસ પર વચ્ચે એકલું ઊભું રહે છે
- ઊંધું અને આડું ચાલે છે
- એક હાથ પકડીને દાદરો ચઢે છે
- સ્વતંત્રપણે ઊભું થાય છે



## નાજુક શારીરિક હલનચલન

- એકલી પહેલી આંગળીનો ઉપયોગ કરે છે
- પેન્સિલ કે ક્રેયોનથી કાગળ પર નિશાની કરે છે
- આંગળી અને અંગૂઠાથી વસ્તુઓ મજબૂત પકડે છે
- પહેલી આંગળીનો ઉપયોગ કરીને વસ્તુઓ ઘોંચે છે
- ચમચી કે કપ પછાડે છે

- કપમાં ક્યુબ્સ રાખે છે
- એક જ ક્રિયા કરવા બંને હાથોનો ઉપયોગ કરે છે
- ક્રેયોન પકડે છે અને કાગળ પર લીટા કરે છે
- એક બ્લોક બીજા બ્લોકની ઉપર લગાવે છે
- ત્રણ કે ચાર ક્યુબ્સનું ટાવર બનાવે છે

## સ્વ-મદદ

- લાળ ટપકાવવાનું બંધ કરે છે
- વાસણમાં કે મોઢાની બાજુઓ પર રહેલો ખોરાક જીભથી ચાટે છે
- બચેલો આહાર આંગળીથી ખાય છે
- સામાન્ય રીતે સ્તનપાન કે શીશી છોડાવી દીધેલું હોય છે
- કપમાંથી પીણું પીએ છે થોડું પ્રવાહી મોઢામાંથી ઢોળાય છે

- કપ અને પીણાં ઉઠાવે છે
- બહુ વખત ઢોળાયા વગર ચમચીથી ખાય છે
- કહેવાથી સરળતાથી નીકળે એવાં કપડાં કાઢી નાખે છે
- હાથ-પગ હલાવીને કપડાં પહેરવામાં સહકાર આપે છે
- ડાયપર ભીનું કે બગડેલું હોય તો જણાવે છે

---

- પુખ્ત વ્યક્તિ સાથે રમતમાં મોટેથી હસે છે
- પુખ્ત વ્યક્તિના બદલાતા મિજાજ પરત્વે પ્રતિક્રિયા કરે છે
- "ના" સામે હંગામી પ્રતિક્રિયા આપે છે
- મનગમતા રમકડાની પસંદગી બતાવે છે

- પોતાના માટે કેટલાક નિર્ણયો લે છે
- જેના પર લોકો હસે એવી ક્રિયાઓ ફરી કરે છે
- ચુંબન કે આલિંગન કરીને લાગણી વ્યક્ત કરે છે
- ભય, આનંદ, અને ગુસ્સો જેવું ચોક્કસ ભાવનાત્મક વર્તન દર્શાવે છે

9 થી 12 મહિના · 12 થી 18 મહિના

# વિકાસનાં લક્ષ્યો

| | 18 થી 24 મહિના | 24 થી 36 મહિના |
|---|---|---|
| અનુભૂતિ | • ફોર્મ બોર્ડ પર ત્રણ આકારો સાચી રીતે રાખે છે<br>• પોતાના શરીરના અંગો ઓળખે છે<br>• જોડકણાં (નર્સરી રાઇમ્સ) ધ્યાનપૂર્વક સાંભળે છે<br>• કહેવામાં આવે તો પુસ્તકમાંના ચિત્રો તરફ આંગળી ચીંધે છે<br>• અવાજો, શબ્દો, કે શારીરિક ક્રિયાઓનું અનુકરણ કરે છે<br>• આડકતરા દૃશ્યમાન સંકેતોમાંથી વસ્તુ શોધે છે<br>• વસ્તુઓ સીધી સક્રિય કરે છે | • ફૉર્મ બોર્ડ પર પાંચ આકારો સાચી રીતે રાખે છે<br>• પરિચિત વસ્તુઓ મેળવી જુએ છે<br>• ટૂંકી વાર્તાઓનો આનંદ લે છે અને ચિત્ર પુસ્તકોમાં જોવા મળતા સરળ ચિત્રોનું વર્ણન કરે છે<br>• "તે મારું છે" અને "મારું રમકડું" જેવા વાક્યોથી માલિકીની સમજ બતાવે છે<br>• પોતાને અરીસામાં ઓળખે છે |
| સંવાદ | • પોતાને નામથી બોલાવે છે<br>• કામગીરીનું વર્ણન કરવા બે શબ્દોનો ઉપયોગ કરે છે<br>• શાબ્દિક સૂચનો અનુસરે છે<br>• માલિકીદર્શક બે શબ્દો, જેમ કે "પપ્પા ગાડી" નો ઉપયોગ કરે છે<br>• ઘણી એકસમાન બાબતો વર્ણવવા એક શબ્દનો ઉપયોગ કરે છે | • ગીતો અને કવિતાઓમાં જોડાય છે<br>• પોતાના નામનો ઉપયોગ કરે છે; આખું નામ કહે છે<br>• ત્રણ શબ્દના વાક્યોનો ઉપયોગ કરે છે<br>• "ના" શબ્દનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે<br>• યોગ્ય સૂરમાં પ્રશ્નો પૂછે છે<br>• બે-પગલાના હુકમોનું પાલન કરે છે<br>• સામાન્ય બહુવચનોનો ઉપયોગ કરે છે |
| મોટું શારીરિક હલનચલન | • ટેકો લઇને દાદરો ઉતરે છે<br>• એક જ સ્થળે કૂદકા મારે છે<br>• હળવી વસ્તુને ધક્કો મારે છે/ખેંચે છે<br>• સીધેસીધું નાની ખુરશીમાં બેસે છે<br>• પડયા વગર આખા ઓરડામાં દોડે છે.<br>• થોડીક ક્ષણો માટે એક પગ પર ઊભું રહે છે<br>• જમીન પરથી ઊભા થતી વખતે રમકડું પકડે છે | • કઠેરો પકડી દાદરો ચઢે અને ઉતરે છે<br>• ટેકા વગર દોડે છે, કૂદે છે અને બોલને લાત મારીને હડસેલે છે<br>• માથા ઉપરથી બોલ ફેંકે છે<br>• પેડલનો ઉપયોગ કરીને ટ્રાઇસિકલ ચલાવે છે<br>• એક પગ પર સમતોલપણું જાળવે છે<br>• ટેકો લઇને, પગ બદલીને દાદરો ચઢે છે |
| સૂક્ષ્મ શારીરિક હલનચલન | • સીધી લીટીમાં ક્રેયોન ઘસવાનું અનુકરણ કરે છે<br>• ફૉર્મ બોર્ડ પર ત્રણ આકારો રાખે છે<br>• ચાર ક્યુબ્સના ટાવરના ઢગલા બનાવવાની ક્રિયાનું અનુકરણ કરે છે<br>• એક-એક કરીને પુસ્તકના પાના ફેરવે છે<br>• આંગળીઓ અને અંગૂઠા માત્રથી વસ્તુ હાથમાં લે છે | • ત્રણ કે ચાર મણકાને માળામાં રાખે છે<br>• નવ બ્લોક્સનો ટાવર બનાવે છે<br>• ક્રેયોન યોગ્ય રીતે પકડવાનું શરુ કરે છે<br>• સીધી આડી અને ઊભી લીટી દોરવાનું અનુકરણ કરે છે<br>• બૂઠી કાતરોથી નાના કાપા કાપે છે<br>• પાંચ કે વધારે ટૂકડાનું ફોર્મ બોર્ડ પૂરું કરે છે |
| સ્વ-મદદ | • મોટી ઝિપર (ચેઇન) બંધ કરે છે અને ખોલે છે<br>• બૂટ પહેરવાનો પ્રયત્ન કરે છે<br>• મદદ વગર બધાં કપડાં કાઢે છે<br>• પરિચિત વસ્તુઓ ઠેકાણે મૂકવાનો પ્રયત્ન કરે છે<br>• કેકર બિસ્કીટ જેવા બંધ ખોરાકનું રેપર ખોલે છે<br>• સૂવાના સમયે પ્રવૃત્તિઓ બંધ કરે છે | • પોતાનું પીણું મેળવે છે<br>• ચમચીથી ખાય છે; કાંટા-ચમચીનો ઉપયોગ કરવાનું શરુ કરે છે<br>• મદદથી સંડાસ જાય છે અને ભાગ્યે જ કોઇ અકસ્માત કરે છે<br>• સરળ કપડાં, જેમ કે ટોપી, પેન્ટ, બૂટ, અને મોજા, અને પછી બધાં કપડાં પહેરે છે; પરંતુ બટન લગાવ્યા વગર<br>• મદદથી હાથ ધુએ અને કોરા કરે છે<br>• થોડી મદદથી દાંત બ્રશ કરે છે |
| સામાજિક | • માતા-પિતાની ગેરહાજરીમાં ટૂંકા સમય માટે રડે છે<br>• લંબાવેલા સમયગાળા માટે એકલું રમે છે<br>• મોટાઓ સાથે ટૂંકા વૉક પર જવાનું પસંદ કરે છે<br>• તીવ્ર હકારાત્મક અને નકારાત્મક પ્રતિક્રિયાઓ બતાવે છે<br>• સહેલાઇથી નિરાશ થઇ જાય છે<br>• ક્રિયાઓમાં ગૌરવ બતાવે છે<br>• અન્ય બાળકો પર ધ્યાન આપે છે | • બીજા લોકોની પ્રતિક્રિયાનો અનુસાર મિજાજ બદલે છે<br>• બીજા બાળકોની નજીકમાં હોય ત્યારે પોતાની જાતે રમે છે અથવા કાર્યરત રહે છે<br>• પોતાની રમતની પ્રવૃત્તિઓની શરુઆત કરે છે; સરળ રમતોમાં રમે છે; પોતાનો વારો લેવાનો પ્રયત્ન કરે છે<br>• અન્ય લોકો સાથે કાલ્પનિક રમતમાં આનંદ માણે છે<br>• ખાસ વાર્તાઓ વાંચવાની વિનંતી કરે છે<br>• જોખમકારક પરિસ્થિતિઓ ટાળે છે |



# વિકાસનાં લક્ષ્યો

## અનુભૂતિ

**36 થી 48 મહિના**

- બે કે ત્રણ રંગોનો મેળ કરે છે
- મોટું/નાનું અને ઝડપી/ધીમું જેવા ખ્યાલો જાણે છે
- સરળ વાર્તા કહે છે
- ગમતી વસ્તુઓના ચિત્રોનો મેળ કરે છે
- ત્રણ સંખ્યા સુધી ગણતરી કરે છે
- આકાર, વજન, અને લંબાઇ વચ્ચે ફરક કરે છે

**48 થી 60 મહિના**

- પોતાની ઉંમર જાણે છે
- રાત-દિવસનો ભેદ જાણે છે
- ચાર મુખ્ય રંગો મેળવી શકે છે અને તેમના નામ કહી શકે છે
- 10 વસ્તુઓ ગણે છે
- ઘટનાક્રમ પ્રમાણે ચિત્રો હારબંધ ગોઠવે છે
- વંચાતી વાર્તા વિશે પ્રશ્નોના જવાબ આપે છે
- યાદ હોય તેવી ત્રણ વસ્તુઓના નામ જણાવે છે

## સંવાદ

**36 થી 48 મહિના**

- મોટા ભાગના સમયે વાક્યોનો ઉપયોગ કરે છે
- કોણ, શું, અથવા ક્યાંથી શરુ થતા પ્રશ્નો પૂછે છે
- સંબંધદર્શક શબ્દો, જેમ કે "મમ્મીની ગાડી" નો સાચી રીતે ઉપયોગ કરે છે
- સામાન્ય ભૂતકાળ, નામયોગી અવ્યયો જેમ કે માં પર, અને નીચેનો ઉપયોગ કરે છે
- સામાન્ય મોટો અવાજ અને સ્વરનો ઉપયોગ કરે છે; ગુસપુસ બોલે છે

**48 થી 60 મહિના**

- પોતાની પ્રવૃત્તિ પર ધ્યાન ખેંચવા શબ્દોનો ઉપયોગ કરે છે
- ત્રણ અસંબંધિત હુકમોને શ્રેણીબદ્ધ અનુસરે છે
- સર્વનામો, જેમ કે "તે" અને "તેણી" નો નિયમિત રીતે ઉપયોગ કરે છે
- માલિકીદર્શક સર્વનામો, જેમ કે "મારું" નો નિયમિત ઉપયોગ કરે છે
- નકારાત્મક વચનો, જેમ કે "નથી થતું" અને "નહીં" નો ઉપયોગ કરે છ
- કેટલાક ક્રિયાવિશેષણોનો ઉપયોગ કરે છે
- ભવિષ્યકાળનો ઉપયોગ કરે છે

## મોટું શારીરિક હલનચલન

**36 થી 48 મહિના**

- ફેંકેલો દડો પકડે છે
- પડયા વગર આગળ કૂદકો મારે છે
- હાથ ઊંચો કરીને બોલ ફેંકે છે
- લપસણીના ઉપરના ભાગ સુધી પહોંચે છે અને નીચે લપસે છે
- ટેકા વગર, પગ બદલીને દાદરો ઉતરે છે

**48 થી 60 મહિના**

- છલાંગો મારીને દોડે છે
- ગબડતા બોલને લક્ષ્ય તરફ લાત મારે છે
- પગ બદલીને, આમતેમ કૂદકા મારે છે
- એક પગે કૂદકો મારે છે
- ફેંકેલો બોલ પકડે છે
- પગના પંજા ઊંચા રાખીને 10 ફુટ ચાલે છે



## સૂક્ષ્મ શારીરિક હલનચલન

**36 થી 48 મહિના**

- છૂટા મણકા પરોવે છે
- વર્તુળની નકલ કરે છે
- સતત ચાલુ અને બંધ ગતિથી એક લીટીમાં કાપે છ
- બૂટની દોરી બાંધે છે - પદ્ધતિસર બાંધવી આવશ્યક નથી
- સૂક્ષ્મ સ્નાયુ નિયંત્રણની જરૂર હોય તેવી વસ્તુઓ એકસાથે રાખે છે

**48 થી 60 મહિના**

- ચિત્ર દોરે છે
- સળીઓ વડે આકૃતિઓ દોરે છે
- પસંદગીનો હાથ દર્શાવે છે
- ઉદાહરણમાંથી આકારો (વર્તુળ, ચોરસ, ત્રિકોણ, લંબચોરસ) ની નકલો કરે છે
- વર્તુળ અને અન્ય સરળ આકારો કાપે છે

## સ્વ-મદદ

**36 થી 48 મહિના**

- ઢોળેલી વસ્તુઓ લૂછી લે છે
- જમતી વખતે કાંટા-ચમચીનો ઉપયોગ કરે છે
- સંડાસ જતી વખતે પોતાની સંપૂર્ણપણે સંભાળ લે છે
- શું કરવું તે કહેવામાં આવે ત્યારે પોતાની જાતે પૂરેપૂરાં કપડાં પહેરે છે
- મોટા બટનો જાતે બંધ કરે છે અને ખોલે છે
- સ્વતંત્રપણે હાથ ધુએ અને કોરા કરે છે
- શાબ્દિક સહાયતાથી દાંત પર બ્રસ કરે છે

**48 થી 60 મહિના**

- સ્વતંત્રપણે નાક સાફ કરે છે
- ટેબલ પર વાડકામાંથી ઢોળ્યા વગર પોતાને પીરસે છે
- ચમચી અને કાંટા-ચમચીથી કુશળતાપૂર્વક ખાય છે
- આખી રાત પથારી કોરી રાખે છે
- કપડાંનો આગળ અને પાછળના ભાગો વચ્ચે તફાવત કરે છે
- સમયાંતરે દેખરેખ સાથે આંગણાંમાં રમે છે
- હૂક પર કૉટ લટકાવે છે

## સામાજિક

**36 થી 48 મહિના**

- જૂથમાં રમતની પહેલ કરે છે અને રમવા રોકાય છે
- સૂચવવામાં આવે તો પોતાનાં રમકડાં બીજાઓને પણ આપે છે
- સરળ કામો કરે છે
- અન્ય બાળકો સાથે સહકાર સાધીને રમે છે
- માતા-પિતા સાથે સભાનપણે એકત્વ અનુભવે છે
- યોગ્ય હોય ત્યારે સહાનુભૂતિ અને ચિંતા બતાવે છે
- મદદ કરવામાં અને સહભાગી થવામાં આનંદ લે છે

**48 થી 60 મહિના**

- પોતાની પ્રવૃત્તિ પર ધ્યાન ખેંચે છે
- "પ્લીઝ" અને "આભાર" જેવા સામાજિક પ્રતિભાવોનો ઉપયોગ કરે છે, હાથ ઊંચો કરે છે અને હારમાં ઊભું રહે છે
- પુખ્ત વ્યક્તિઓ કરતા પોતાની ઉંમરના બાળકો સાથે રહેવાનું પસંદ કરે છે
- કુટુંબ વિશે વાતો કરે છે
- ભાવનાઓ કાબુમાં રાખે છે અને તેઓને સ્વીકાર્ય રીતે વ્યક્ત કરે છે

| | |
|---|---|
| અનુભૂતિ | • આંકડાઓ, એકથી 10 પ્રમાણે વસ્તુઓના સરખા સેટ્સ ગોઠવે છે<br>• પાંચ જેટલી રોજીંદી પ્રવૃત્તિઓ ક્રમબદ્ધ રીતે ગોઠવે છે<br>• ટૂંકી વાર્તા ફરીથી કહે છે<br>• ઘરનું સરનામું આપે છે<br>• ડાબું, જમણુંનો ભેદ જાણે છે |
| સંવાદ | • ચિત્રોનું વર્ણન કરીને વાર્તા કહે છે<br>• ભાવવાચક શબ્દોના અર્થ પૂછે છે<br>• કડકડાટ અને સાચી રીતે બોલે છે, પરંતુ હજુ પણ “સ”, “ફ” અને “થ” વચ્ચે ગુંચવાય છે |
| મોટું શારીરિક હલનચલન | • દોરડું કૂદે છે<br>• રોલર સ્કેટ્સ પર સ્કેટિંગ કરે છે<br>• અલગ-અલગ પગે એક પગથી બેથી ત્રણ યાર્ડ આગળ કૂદકો મારે છે<br>• 12-ફૂટ ઊંચાઇથી પગના આંગળા પર કૂદે છે<br>• પગની વિરુદ્ધ દિશામાં હાથ ઝુલાવીને દોડે છે |
| સૂક્ષ્મ શારીરિક હલનચલન | • મોટા અક્ષરો અને સરળ શબ્દો વારંવાર ઊંધા-છતા કરીને લખે છે<br>• કાપતી અને લખતી વખતે યોગ્ય રીતે હાથ રાખે છે<br>• પોતાના બૂટની દોરી બાંધે છે<br>• આંકડા 1 થી 5 લખે છે |
| સ્વ-મદદ | • મદદ વગર વાળ ઓળે છે અને વાળ પર કાંસકો ફેરવે છે<br>• રમકડાં ખોખામાં ઠેકાણે મૂકે છે<br>• મદદ વગર કપડાં પહેરે અને કાઢે છે<br>• સુરક્ષિતપણે રસ્તો ઓળંગે છે |
| સામાજિક | • દુઃખી હોય એવા મિત્રોને સાંત્વના આપે છે<br>• રચનાત્મક રીતે આયોજન અને રચના કરે છે<br>• નિયમો અને નિયમપૂર્વકની રમતની જરૂરિયાત સમજે છે<br>• રોજીંદા સમયપત્રક સાથે ઘડિયાળના સમયનો સંબંધ જોડે છે |

થી 60 મહિના +

**અક્ષમતાઓ ધરાવતા બાળકો માટે... થોડોક વધારે પ્રયત્ન કરવાથી ઘણો ફાયદો થાય છે**

જો તમે માનતા હો કે તમારું શિશુ કે બાળક કોઇ પણ વિકાસલક્ષી ક્ષેત્રમાં મુશ્કેલી અનુભવી રહ્યું છે, તો અર્લી ઇંટરવેન્શન અને શાળા પહેલાંની સેવાઓ ઉપલબ્ધ છે. અર્લી ઇંટરવેન્શન અને શાળા પહેલાંની સેવાઓની રચના તમારું બાળક શાળાએ જવાની ઉંમરે પહોંચે તે પહેલાં તેની વૃદ્ધિ અને વિકાસ માટે ક્ષમતા વધારવામાં મદદ કરવા માટે કરવામાં આવી છે.

અર્લી ઇંટરવેન્શન અને શાળા પહેલાંની સેવાઓ માટે, મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇંટરવેન્શન સર્વિસિઝનો સંપર્ક સાધો.

અને યાદ રાખો, દરેક બાળકને વિકસવા અને શીખવા ધીરજ અને સહાયની જરૂર હોય છે ત્યારે, અક્ષમતા વાળા બાળકો પર થોડું વધારે ધ્યાન આપવાની જરૂર પડી શકે છે. માતા-પિતા, શિક્ષકો, સારવાર વિશેષજ્ઞો અને અન્ય લોકોએ જીવનભરના શિક્ષણ માટે જરૂરી પ્રેમ અને સહાય પૂરી પાડવા સાથે મળીને કાર્ય કરવું જ જોઇએ.





# શોધ પ્રક્રિયા...
## બાળકો કેવી રીતે શીખે છે

**શોધખોળ કરવી.**
બાળકો શોધખોળ કરીને પોતાની દુનિયા શોધે છે. તેઓ નવા ચહેરા, સ્થળો અને વસ્તુઓની શોધખોળ કરીને આગળ વધે છે.

**સ્પર્શ કરવો. સ્વાદ લેવો. સૂંઘવું. સાંભળવું. જોવું.**
બાળકો પોતાની ઈન્દ્રીયોથી દુનિયાનો અનુભવ કરે છે. તેઓ ગળપણવાળા વેનિલાને સૂંઘે છે, ખારા ક્રેકરનો સ્વાદ લે છે, નરમ બિલાડીના બચ્ચાને સ્પર્શ કરે છે, મોટા અવાજોના ધડાકા સાંભળે છે, અને રંગીન ચમકતી રિબનો જુએ છે.

**પ્રયોગ કરવા.**
બાળકો નવા વિચારોથી અને 'અજમાયશ અને ભૂલ' દ્વારા પ્રયોગ કરીને શીખે છે. તેઓ એક વસ્તુનો અનેક જુદી જુદી રીતોથી ઉપયોગ કરવાનો પ્રયોગ કરે છે. ઉદાહરણ તરીકે, બાળક એક બ્લોક પર બીજા બ્લોકનો ઢગલો કરી શકે, બ્લોક્સને જમીન પર રમકડાની ટ્રેઇનની જેમ ધક્કો મારી શકે, અથવા કરતાલની જેમ તેઓને એકસાથે પછાડે છે. બાળકને એવું લાગી શકે કે બ્લોક્સને સંગીત સાધન કરતા રમકડાની ગાડીની તરીકે વધુ સારી રીતે કામ કરે છે.

**અનુકરણ કરવું.**
બાળકો બીજા લોકોને નિહાળીને અને અનુકરણ કરીને શીખે છે. તેઓ લોકોને પહેલાં નિહાળીને અને પછી તેઓએ જોયેલી ક્રિયાઓનું અનુકરણ કરીને નવી આવડતો વિકસાવે છે. અનુકરણ કરેલી કામગીરીઓનું પુનરાવર્તન છેવટે નિપુણતા તરફ આગળ વધે છે.

**રમવું!**
બાળકો રમીને ચીજવસ્તુઓ કેવી રીતે કામ કરે છે, સમસ્યાઓનો કેવી રીતે ઉકેલ લાવવો અને કેવી રીતે કોઇ કાર્ય સંપાદન કરવું - બધું જ આનંદ મેળવતા શીખે છે!

# તમે તમારા બાળકને શીખવામાં મદદ કરી શકો છો

તમારા બાળકને નવી આવડતો વિકસાવવામાં મદદ કરવા નીચેની બાબતો અજમાવી જુઓ.

**જાણીતા કાર્યથી અજાણ્યા કાર્ય તરફ વાળો.**
તમારા બાળકને કશુંક નવું કરવાનું કહો તે પહેલાં પરિચિત કાર્ય કરવા દો. ઉદાહરણ તરીકે, પરિચિત પઝલ સાથે મળીને ઉકેલવામાં મદદ કરો, પછી તેને પોતાની જાતે નવી ઉકેલવા દો. તમારા બાળકને પહેલી વાર સફળતા હાંસલ કરવા જરૂરી બધાં સંકેતો આપો. એ રીતે, અજાણી પઝલ રમતિયાળ પડકાર બને છે, ગભરાવા જેવું કશું નહીં.

**રોજિંદી પ્રવૃત્તિઓમાં વિવિધતા ઉમેરો.**
નવો આહાર સામેલ કરીને અથવા મિત્રોને ભોજન માટે આમંત્રણ આપીને તમારા બાળકના રોજિંદા કાર્યમાં ફેરફાર લાવો.

**ટૂંકા ગાળા માટે ધ્યાન આપીને કરી શકાય એવા કામો આપો.**
તમારા બાળકની ધ્યાન આપવાની ક્ષમતાને અનુરુપ સરળ કાર્યો આપો. જો તમારા બાળકનું ધ્યાન આપવાનો સમય વારંવારના પ્રયત્નો પછી લંબાય નહીં, તો વિશેષ કસરતોની જરૂર પડી શકે છે. આ બાબતમાં કોઇ પણ ચિંતા વ્યક્ત કરવા તમે તમારા ફેમિલિ ડૉક્ટર સાથે વાત કરવા કે તમારી સ્થાનિક શાળાના તંત્રની ચાઇલ્ડ ફાઇન્ડ કચેરીનો સંપર્ક સાધવા ઇચ્છી શકો છો.

**તમારા બાળકની મર્યાદાઓ જાણો.**
તમારું બાળક રમતું હોય તેવી પરિસ્થિતિઓ બદલો. વસ્તુઓ અને ટેક્ષ્ચર્સ તે પહોંચી શકે તે રીતે રાખો. તમારા બાળકની આસપાસ અવાજનું સ્તર મર્યાદિત કરો. તમારા બાળકના મિજાજ, રુચિઓ, અને જરુરિયાતો પરત્વે સંવેદનશીલ બનો. સમજી લો કે ઇન્દ્રિયો ક્ષતિગ્રસ્ત હોય તેવા અથવા મર્યાદિત હલનચલન કરી શકતા બાળકો માટે ફેરફારો જરુરી હોઇ શકે છે.

**તમારા બાળકના પ્રયત્નોના વખાણ કરો.**
તમારા બાળક માટે સફળ થવાની પરિસ્થિતિઓ રચો, પછી આલિંગન આપી, સ્મિત કરીને, કે ખાસ ટ્રીટ આપીને બાળકની સફળતામાં તમારો આનંદ વ્યક્ત કરો. જો તમારું બાળક હતાશ થાય તો બાળકને મદદ કરો અને કામ કરવાનો પ્રયત્ન કરવા બદલ બાળકના પુષ્કળ વખાણ કરીને બદલો આપો.

**તમારા બાળક સાથે રમો!**
ખાસ કરીને નાના બાળકો માટે શીખવું એક મજાનો વિષય હોઇ શકે છે! તમારા બાળકના વિકાસના સ્તર માટે યોગ્ય પ્રવૃત્તિઓ અને રમકડા પસંદ કરો અને બાળક શીખતું હોય ત્યારે તમારા બાળકને આનંદ લેવામાં મદદ કરો.

## તમારા ઘરને બાળકનું સૌપ્રથમ શીખવાનું વાતાવરણ બનાવો

સંશોધને બતાવ્યું છે કે શિશુઓ જન્મે તે ક્ષણથી શીખવાનું શરુ કરે છે. તમારું બાળક શીખી અને વૃદ્ધિ પામી શકે તેવું સંભાળભર્યું અને જાગૃતિ લાવતું વાતાવરણ રચો. તમારા બાળકના વાતાવરણમાં બાળકના જીવનને પ્રભાવિત કરતી દરેક જગ્યા, વસ્તુ અને વ્યક્તિનો સમાવેશ થાય છે.

તમે હકારાત્મક ઘરેલું શૈક્ષણિક વાતાવરણ રચી શકો તે માટે નીચેના વિચારો અને પ્રવૃત્તિઓની ભલામણ કરાઇ છે. હંમેશા સુરક્ષા માટે સાવચેતીનાં પગલાં લો અને જો જરુરી લાગે, તો પ્રવૃત્તિઓ તમારા બાળક માટે યોગ્ય છે તેની ખાતરી કરવા તમારા બાળકના પ્રારંભિક સંભાળકર્તા, શિક્ષક કે સારવાર વિશેષજ્ઞ સાથે વાત કરો.

**યાદ રાખો: હંમેશા તમારા બાળકના વિકાસ સ્તર માટે યોગ્ય પ્રવૃત્તિઓ પસંદ કરો.**



તમારા બાળકના વિકાસ સ્તરને અનુરુપ પ્રવૃત્તિઓ પસંદ કરો અને આગળના સ્તરે વિકસાવવા પ્રોત્સાહિત કરો. તમારા બાળક સાથે રમતા હો ત્યારે, બાળક પોતે શું કરી શકે છે, જૂજ સહાયથી પોતે શું કરી શકે, ખૂબ મદદ સાથે શું કરી શકે અને પોતે બિલકુલ શું કરવામાં અક્ષમ છે તે નોંધી લો. મદદ જરુરી હોય તેવી પ્રવૃત્તિઓ માટે, તમારે આપવી પડતી જરુરી મદદની માત્રાની નોંધ રાખો.

## સૂચિત પ્રવૃત્તિઓ

### તમારું બાળક શિશુ હોય છે ત્યારે...

**શિશુ માટે આસપાસ ખસવાનું સરળ બનાવો.**

તમારા શિશુને જમીન પર રજાઇ કે ટુવાલ પર સુવાડો. શિશુ સહેલાઇથી અને સુરક્ષિતપણે ખસી શકે તેની ખાતરી કરો. તેની/તેણીની સાથે રમો. શિશુને પોતાના પગથી લાત મારવા અને પોતાના હાથથી ઊંચે અને બહાર સુધી પહોંચવા પ્રોત્સાહિત કરો.

**તમે શરીરનો જે ભાગનું હલનચલન કરાવતા હો તે ભાગના હલનચલનને પ્રોત્સાહિત કરવા શિશુને સ્પર્શ કરો.**

તમારા શિશુના પગ અને હાથ પર ફૂંક મારો. તમારા હાથથી શિશુના પગ અને હાથ હળવેથી ઘસો. જો શિશુ તમારા સ્પર્શના પ્રતિભાવમાં ખસે નહીં, તો જે ક્રિયા કરાવવા માંગતા હો તે પ્રમાણે તેનો/તેણીનો હાથ કે પગ ખસેડો.

**શિશુને પોતાના મુખ્ય શારીરિક હલનચલનથી પરિચિત થવામાં મદદ કરવા શિશુની સ્થિતિ બદલો.**

તમારું શિશુ પોતાના હાથ કે પગનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં સક્ષમ બને તે પહેલાં મુખ્ય શારીરિક હલનચલન વિકસે છે. શિશુને વિવિધ સ્થિતિઓની ટેવ પડવા દો. શિશુને તમારા હાથમાં પકડી રાખો. શિશુને તેના પેટ અને પીઠ પર આડું રાખો. મજબૂત ઓશિકાનો ઉપયોગ કરીને બાજુએ ટેકો આપો.

**આંખો, માથું. અને શરીરનું હલનચલન પ્રોત્સાહિત કરવા જુદી જુદી વસ્તુઓ પૂરી પાડો.**

તમારા શિશુને પ્રોત્સાહિત કરવા માટે આસપાસની વસ્તુઓ બદલો. ઉદાહરણ તરીકે, શિશુના પારણાની ઉપર ચમકતો રંગીન મોબાઇલ લટકાવો. પછીથી, શિશુની ઉંમર થોડી વધે, ત્યારે પારણાની એક કે બંને બાજુએ સાદું ચિત્ર રાખો. ઘરમાં શિશુનું સ્થાન ઘણી વાર બદલો.

**શિશુની ઇન્દ્રિયોને ઉત્તેજીત કરો.**

તમારા શિશુની સ્પર્શ, સ્વાદ, સૂંઘવું, સાંભળવું અને જોવું - જેવી બધી ઇન્દ્રિયોને પ્રવૃત્તિમય રાખો. બાથટબમાં શિશુના હાથ-પગ પર મસાજ કરો અને શિશુને ઉછળવા દો તથા પાણીના છાંટા ઉડાડવા દો. બે લોકો વચ્ચે શિશુને મધ્યમાં ટેકો આપીને ચમકતો રંગીન દડો હળવેથી ફેંકો જેથી શિશુ દડાની ગતિને અનુસરી શકે. શિશુને સ્પોંજ, રબરના દડા, અને રંગવાના બ્રશ જેવી વસ્તુઓનાં ટેક્ષ્ચર અનુભવવા દો.

**તમારું શિશુ કેવું વૃદ્ધિ પામી રહ્યું છે તે જોવા સમયાંતરે માતા-પિતા સહાયક વિકાસનાં લક્ષ્યોના ચાર્ટ જુઓ.**

તમારું શિશુ કેવું વિકસી રહ્યું છે તે જોવા શિશુ સાથે નવી -નવી પ્રવૃત્તિઓ કરી જુઓ. પ્રતિભાવો પ્રોત્સાહિત કરવા વિવિધ વસ્તુઓ પૂરી પાડો. પારણા પર બંધાતી રંગીન રિબનો, નરમ રબરના દડાઓ અને ચમકતા રંગના પ્રાણીઓના રમકડાં જેવી સાદી વસ્તુઓનો ઉપયોગ કરો.

### તમારું બાળક નવું જોવા-જાણવા તૈયાર હોય ત્યારે...

**સફળતા માટે શીખવાની પરિસ્થિતિઓ રચો.**

તમારા બાળકને તેની બાજુએ એવા ખૂણે ટેકો આપો જે બાળકને સહેલાઇથી ગબડવા દે. પછી, બાળક પોતાની જાતે સંપૂર્ણપણે ગબડી રહે ત્યાં સુધી ધીમે ધીમે મદદ ઘટાડો. બાળકને ચમકતા-રંગના રમકડાથી લલચાવો.

**તમારા બાળકને ખસવા પ્રોત્સાહિત કરો.**
તમે તમારા બાળક માટે શ્રેષ્ઠ પ્રેરક બળ બની શકો છો. તમારું બાળક પોતાના પેટ પર હોય ત્યારે, બાળકની સામે આવો અને તેને તમારી પાસે આવવા પ્રોત્સાહિત કરો. પહેલી વાર બાળક હાથનો ફક્ત કોણીથી કાંડા વચ્ચેનો ભાગ આગળ લાવશે અને તમારી તરફ જોવા પોતાનું માથું સીધું કરશે, પરંતુ છેવટે તમારા સુધી પહોંચવાનો પ્રયત્ન કરવા બાળકે પોતાના બંને હાથ અને પગ ખસેડવા પડશે.

**તમારા બાળકની પોતાના વિશેની જિજ્ઞાસાનો ઉપયોગ કરો.**
તમારા બાળકને ખોળામાં રાખીને અરીસાની સામે રમત રમો. તેને રમવા માટે બેસવા ટેકો આપો કે પોતાના પેટ પર મૂકો.

**રોજિંદી પ્રવૃત્તિઓનો શીખવાની તકો તરીકે ઉપયોગ કરો**
તમારા બાળકે સ્નાન કર્યા પછી, બાળકને ટુવાલ કે ધાબળામાં હલકું વીંટાળીને અને ટુવાલની ધાર હળવી ખેંચો જેથી કરીને બાળક ગબડી શકે. આમ તેને ગબડવાનો મહાવરો કરવા પ્રોત્સાહિત કરો. બાળક પૂરતું સશક્ત બને ત્યારે, તમે કામ કરતા હો તે વખતે બાળકને રમવા દેવા કુદાવતી ખુરશી કે શિશુ બેઠકનો ઉપયોગ કરો.

## તમારું બાળક પોતાના હાથોનો ઉપયોગ કરવા તૈયાર હોય ત્યારે...

**હાથનું હલનચલન ઉત્તેજીત કરો.**
તમારા બાળકને પોતાના હાથ અને આંગળીઓનું પુષ્કળ હલનચલન કરવા દો. તેને પોતાના હાથ કાંડાથી ફેરવવામાં મદદ કરો, તાળી પડાવો, વસ્તુઓ મજબૂત પકડવા અને છોડવામાં મદદ કરો. તેને પોતાની આંગળીઓથી વસ્તુઓ પકડવામાં મદદ કરો.

**સરળ સૂક્ષ્મ શારીરિક હલનચલનની આવડતોને પ્રોત્સાહિત કરો.**
સૂક્ષ્મ શારીરિક હલનચલનની પ્રવૃત્તિઓ ઘણી હિલચાલોનું મિશ્રણ છે. તમારા બાળકને કોઇ વસ્તુ પકડવા પછી તેને ફેંકવા, તેને કશામાં મૂકવા, તેને હલાવવા, તેને પછાડવા, તેને બીજા હાથમાં મૂકવા, જેવું કોઇ કાર્ય કરવા પ્રોત્સાહિત કરો. બીન બેગ્સ, ઘંટડી, અને ઘૂઘરા જેવી અવાજ કરતી વસ્તુઓનો ઉપયોગ કરો અને રબર અને કપડાના દડા, ધાતુ અને રબરના વાસણોનો ઉપયોગ કરીને ટેક્ષ્ચર બદલો.

**વધારે જટિલ સૂક્ષ્મ શારીરિક હલનચલન આવડતોનો વિકાસ. પ્રોત્સાહિત કરો.**
સૂક્ષ્મ શારીરિક હલનચલનની ક્રિયામાં સરળથી વધારે જટિલ-પકડેલી વસ્તુ છોડવાની પ્રતિક્રિયાથી માંડીને હાથની વસ્તુને હેતુપૂર્વક હલાવવાનો સમાવેશ થાય છે. તમારું બાળક જે હાથ વધુ વાપરતું હોય તેની નજીક રમકડું રાખો. બાળકને પોતાની આંગળીઓનો ઉપયોગ કરીને રમકડું પકડવામાં મદદ કરો. પછી બાળક પાસે તે રમકડું કોઇ ડબામાં નંખાવો. સમય વિતવા સાથે, ઓછી મદદ આપીને નાના ડબાઓનો ઉપયોગ કરો. જ્યારે બાળક ચોકસાઇ રાખવા માંડે, ત્યારે તે વસ્તુઓનો ઢગલો કરવા તૈયાર હશે. સમય વિતવા સાથે, બાળક બ્લોક્સ જેવી નાની વસ્તુઓનો ઢગલો કરવા, અને કાણાંમાં ખીલી જેવી નાની વસ્તુઓ બેસાડવામાં સક્ષમ બનશે.

**આંગળીઓ વડે નવું જોવા-જાણવા પ્રોત્સાહિત કરો.**
તમારા બાળકે પોતાની આંગળીઓમાં પકડી શકે તેવી આંગળીઓ અને વસ્તુઓ જાણવાની જરૂર છે. આંગળીઓ વડે રંગ કરવો અને પાણીમાં રમવું એવી બે પ્રવૃત્તિઓ છે જે હલનચલનની સંવેદના ક્રમશ: સશક્ત અને વિસ્તૃત કરે છે. ક્રેયોન્સ કે પેન્સિલો વડે કે વગર વિશાળ ગોળાકાર હિલચાલ કરી શકાય છે. વિશાળ અને નાના લીટા કરવાનું પ્રોત્સાહિત કરવું જોઇએ. હલનચલનનું અનુકરણ આ સમયે શરુ કરી શકાય છે. ધ્યાન રાખીને વિશાળ-હાથાના બ્રશો અને જાડા ક્રેયોન્સ અને પેન્સિલોનો ઉપયોગ કરો.

**જટિલ સૂક્ષ્મ શારીરિક હલનચલન કાર્યો પૂરા કરવા અંગૂઠા અને આંગળીઓના ઉપયોગને પ્રોત્સાહિત કરો.**
પ્રેરક પદાર્થો તરીકે “ફિંગર પોપ્સ” કે તીણો અવાજ કરતા નાના રબરના રમકડાંનો ઉપયોગ કરો. તમારા બાળકને રમકડાં પર તમારી પકડનું અનુકરણ કરવા પ્રોત્સાહિત કરો. તમારા બાળકની પકડ સુધરવા સાથે (લાક્ષણિક રીતે શાળા પહેલાંના વર્ષોના સમયમાં), બાળક કતરણ કામ માટે તૈયાર હશે. પહેલી વાર બાળક લીટીને ના અનુસરે, તો પણ કાતરથી કાપવા સક્ષમ હશે. પછી બાળક આકારો કાપવા તૈયાર હોય ત્યારે, પેપર વાળીને અને ક્યાંથી કાપવું તેનું આયોજન કરવામાં બાળકને મદદ કરો.

# તમારા બાળકના વિકાસને પ્રોત્સાહિત કરો

**તમારા બાળકની વૃદ્ધિ અને વિકાસ વધારે પ્રોત્સાહિત કરવા નીચેની પ્રવૃત્તિઓનો પ્રયત્ન કરો.**

**શિશુ રસપ્રદ અવાજ કાઢે ત્યારે**
તમારા બાળક સામે સ્મિત કરો અને તેના વખાણ કરો અને ફરીથી કરવા પ્રોત્સાહિત કરો. અવાજનું પુનરાવર્તન કરો અથવા કોઇ રમત રમો જ્યાં તમારામાંની દરેક વ્યક્તિ તાળી પાડવી, વસ્તુઓ પછાડવા અને છાંટા કે કાદવ ઉછાળવો જેવી અવાજો અને તેનું અનુકરણ કરતી હોય.

**શિશુ કોઇ વસ્તુ માટે ઇશારો કરે ત્યારે**
વસ્તુનું નામ કહો, પછી તમે બાળકને વસ્તુ આપો તે પહેલાં, તમે હમણાં જ કહેલા નામનું અનુકરણ કરવા બાળક પ્રયત્ન કરે ત્યાં સુધી રાહ જુઓ.

**શિશુ કોઇ ચોક્કસ પ્રવૃત્તિ, જગ્યા કે વસ્તુમાં રસ બતાવે ત્યારે**
તે પ્રવૃત્તિ કે સ્થળને સંબંધિત હોય તેવા શબ્દો કે વાર્તાઓ કહો, જે બાળકનું શબ્દભંડોળ વધારે. ઉદાહરણ તરીકે, જો તમે કુકીઝ (કોઇ પણ રસોઇ) બનાવો તે જોવાનું બાળકને ગમતું હોય, તો તમે કુકીઝનો લોટ તૈયાર કરતા હો ત્યારે તમે કહી શકો, "સૌથી પહેલાં આપણે દૂધ રેડીએ છીએ. પછી હલાવીએ છીએ." અથવા જો બાળકને પ્રાણી સંગ્રહાલય ગમતું હોય (કોને ના ગમે?), તો બાળકને ત્યાં લઇ જાવ અને ત્યાંના અનુભવ-પ્રાણીઓ, દૃશ્ય, ગંધ વિશે વાત કરો.

**બાળક ધાંધલ કરે કે ગુસ્સે થઇ જાય ત્યારે**
બાળકના હાવભાવ "સમજવાનો" પ્રયત્ન કરો, પછી તેને શાબ્દિક રીતે વ્યક્ત કરો. ઉદાહરણ તરીકે, તમે કહી શકો છો, "જેકને થોડી વાર ઊંઘવાની જરૂર છે." અથવા "જેકને જ્યુસ જોઇએ છે."

**બાળક અવાજ પરત્વે પ્રતિભાવ આપે ત્યારે**
બાળક સાથે અવાજ સાંભળો અને અવાજ વિશે વાત કરો.

**બાળક વસ્તુઓના નામ બોલે અને "જાવ અને થોભો" જેવા ક્રિયાત્મક શબ્દોનો ઉપયોગ કરે ત્યારે**
કેટલાક નવા શબ્દોનો ઉપયોગ કરીને બે- અને ત્રણ શબ્દના વાક્યો કહો. ઉદાહરણ તરીકે, તમે કહી શકો છો, "જૅનને દુધ ભાવે છે" અથવા "મમ્મી સાથે બોલ રમો."

**બાળક સંખ્યાબંધ શબ્દો બોલવા સક્ષમ હોય ત્યારે**
લેખિત શબ્દોની યાદી બનાવવાનું શરુ કરો અને કોઇ મધ્યના સ્થાને ચોંટાડો. બાળક નવા શબ્દો શીખે એટલે, યાદીમાં ઉમેરો અને તમારા આખા કુટુંબને તે શબ્દોનો ઉપયોગ કરવા કહો.

**બાળક ત્રણ- અથવા ચાર-શબ્દના વાક્યોનો ઉપયોગ કરવાનું શરુ કરે ત્યારે**
તમારા વાક્યોમાં વર્ણનાત્મક શબ્દો ઉમેરો. ઉદાહરણ તરીકે, "ટેમીને ઠંડુ દૂધ ભાવે છે." અથવા "ધીમેથી ગીત ગાઓ."

**બાળક સંગીત સાંભળવાનું શરુ કરે ત્યારે**
તમે તેને અનુમોદન આપો છો તે દર્શાવો અને રમતો, ગીતો, નૃત્ય અને "ખુશીના સમય" માટે સંગીતનો ઉપયોગ કરો.

**બાળક આખુ કે આંશિક ગીત શીખે ત્યારે**
બાળકને કદર કરી શકે અને તાળીઓથી વધાવે તેવી વ્યક્તિ માટે ગીત ગાવાની છૂટ આપો.

**બાળક ટેલીવિઝન નિહાળવાનું શરુ કરે ત્યારે**
બાળકની સાથે જોવાલાયક કાર્યક્રમો પસંદ કરો અને નવા શબ્દો અને વિચારો પ્રોત્સાહિત કરો.

**તમે બાળકને વાંચી સંભળાવો એવું બાળક ઇચ્છે ત્યારે**
સંકેત કે ચિત્રોનો ઉપયોગ કરીને બાળક જાણતું હોય તેવા શબ્દો બોલવા બાળકને પ્રોત્સાહિત કરો, પછી બાળકની શાબ્દિક સહભાગિતા ધીરે ધીરે વધારો.

**બાળક જે સાંભળે અને જુએ તેનું અનુકરણ કરે છે**
અનુકરણ, કલ્પના, અને પાત્રનો નમૂનો પ્રોત્સાહિત કરવા કઠપૂતળીઓનો ઉપયોગ કરો.

**તમને પ્રશ્ન પૂછે છે**
ટૂંકા, સ્પષ્ટ વાક્યોનો ઉપયોગ કરો. તમારા બાળકના પ્રશ્નોના જવાબ આપવાથી જિજ્ઞાસા અને શિક્ષણમાં રસ પ્રોત્સાહિત થાય છે!

## ઘરમાં:
## અક્ષમતાવાળા બાળકો માટેની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો નમૂનો

ઘરના વાતાવરણમાં અક્ષમતાવાળા સહિતના બાળકો ઘણું શીખી શકે છે. રોજિંદી પ્રવૃત્તિઓ નવા કૌશલ્યો શીખવાની અદ્ભૂત તકો પૂરી પાડે છે. તમારા બાળકને ભોજન તૈયાર કરવું, કચરો બહાર કાઢવો, ઇસ્ત્રી કરવી, અને કરિયાણું ખરીદવું જેવી ઘરકામની પ્રવૃત્તિઓમાં સામેલ કરો. નીચેની નમૂનાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ શીખવાની વધુ તકો પૂરી પાડી શકે છે.

### શૈક્ષણિક પ્રવૃત્તિનો નમૂનો #1:
### સ્ટેસી અને તેની મમ્મી

સ્ટેસીની મમ્મી સ્ટેસીનો સંવાદ પ્રોત્સાહિત કરવા વેક્યુમ ક્લીનરનો ઉપયોગ કરે છે.

**વર્ણન:** સ્ટેસી લગભગ બે વર્ષની છે અને તેની આંખો ખૂબ ચમકતી છે અને બે ઉછળતી પોની ટેલ છે. તે બે શ્રવણ યંત્રો પહેરે છે અને તેને સેરિબ્રલ પાલ્સી (મગજનો લકવો) છે. તે હજુ સુધી ચાલી શકતી નથી, પરંતુ તેના માટે અનુકૂળ બનાવેલી ઊંચી ખુરશીમાં સારી રીતે બેસે છે.

સ્ટેસીના તબીબોએ તેના જીવનના શરુઆતના મહિનાઓમાં તેની ગંભીર શારીરિક હલનચલન સમસ્યા ઓળખી હતી પરંતુ તેણે ગુમાવેલી સાંભળવાની શક્તિ તેના માતા-પિતાના ધ્યાનમાં આવી ત્યાં સુધી જાણમાં ન હતી. કુશળ ઓડિયોલોજીસ્ટ દ્વારા તપાસ કરાવ્યા પછી, તેને શ્રવણ યંત્રો અને છાતી પર પહેરાતું શક્તિશાળી ધ્વનિ પ્રસારણ યંત્ર બેસાડવામાં આવ્યું. સ્ટેસીના ઓડિયોલોજીસ્ટ માને છે કે તેણે મોટા અવાજો પર ધ્યાન આપવાનું શીખવાની અને શેનો અવાજ છે તે સમજવાની જરુર છે. સાંભળવાનું શીખવાનું -જેને શ્રવણશક્તિ તાલીમ તરીકે પણ ઓળખવામાં આવે છે - જે સ્ટેસી સરળ ઇશારા અને બહેરા-મૂંગાની ભાષા શીખે તે જ સમયે ચાલે છે.

**પ્રવૃત્તિ:** સ્ટેસી અને તેની મમ્મી ઘરના બેઠકખંડમાં વેક્યુમથી જાજમ સાફ કરતી વખતે "સાંભળવાની રમત" રમે છે. રમતના નિયમો સરળ છે. સ્ટેસીની મમ્મી ઇચ્છે છે કે વેક્યુમ ક્લીનર ચાલુ થાય તેનો અવાજ થાય તે વખતે સ્ટેસી એક રીતે અને વેક્યુમ ક્લીનર બંધ થાય તે વખતે સ્ટેસીએ બીજી રીતે પ્રતિભાવ આપે.


સ્ટેસીના "હા" અને "ના" માટેના સંકેતો તેણે પોતે રચેલા છે. સ્ટેસીના માતા-પિતાઓએ નોંધ્યું કે જ્યારે તે કોઇ તેને ઉંચકે તેમ ઇચ્છતી હોય, કે પછી પોતના પ્રિય આહારની વધુ માત્રા મેળવવા માંગતી હોય ત્યારે તે પોતાના માથાથી સહેજ "ઊંચી" થતી. તેના માતા-પિતાએ આ અર્થપૂર્ણ હલન-ચલનને પકડી લીધું અને તેને બતાવ્યું કે તે કેવી રીતે પોતાની દાઢી નીચી કરીને "ના" નો ઇશારો કરી શકે. તેણીએ પાલકની ભાજી અને બીટ માટે "ના" કહેવાનો મહાવરો કર્યો. સ્ટેસીના ઇશારા સ્ટેસી અને તેના કુટુંબીજનો વચ્ચેનો ખરેખરો સંવાદ સ્થાપવાની શરુઆત હતી.

મમ્મી સ્ટેસીને વેક્યુમ "ચાલુ" કરવામાં મદદ કરીને અને સ્ટેસીને હૉસ પાઇપની ધ્રુજારી અને ખેંચવાની પ્રક્રિયા અનુભવવામાં મદદ કરીને સાંભળવાની રમત શરુ કરે છે. થોડાક ચીઅરીઓઝ વડે, તે વેક્યુમ કેવી રીતે કામ કરે છે તે સ્ટેસીને બતાવે છે. તે ચીઅરીઓઝ વેક્યુમ ક્લીનરની અંદર જતા રહે એટલે સંકેત કરે છે અને કહે છે "બધાં ગયાં".

## ઘરમાં:
## અક્ષમતાવાળા બાળકો માટેની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો નમૂનો

સ્ટેસી વેક્યુમની બિલકુલ બાજુમાં બેઠેલી અને બારીકાઇથી ધ્યાન આપતી હોવાને લીધે, તેની મમ્મીને ખાત્રી છે કે તે અવાજ સાંભળે છે. સ્ટેસી ન જોતી હોય ત્યારે તપાસવા માટે, તે વેક્યુમ બંધ કરી દે છે. તે સ્ટેસીના પ્રતિભાવ માટે તેનો ચહેરો જુએ છે, "નકાર" ના હાવભાવ કરે છે, અને પછી યંત્ર તરફ આંગળી ચીંધીને "બધાં ગયાં" કહે છે.

સાથે મળીને તેઓ વેક્યુમ ચાલુ કરે છે અને યંત્ર અવાજ કરતું હોવાનું દર્શાવવા સ્ટેસીની મમ્મી "હા" સંકેત કરે છે. તેઓ સ્ટેસી પોતાની જાતે "હા" અને "ના" સંકેત ના કરે ત્યાં સુધી સાથે મળીને વેક્યુમ ચાલુ અને બંધ કરવાનો મહાવરો કરે છે. સ્ટેસીએ આ નિયમો શીખ્યા પછી, તેની મમ્મી જાજમ પર વેક્યુમ કરવાના કામમાં લાગી જાય છે, પરંતુ સ્ટેસીના સંકેતો તપાસવા અને તે સારી રીતે સાંભળે ત્યારે તે માટે તાળીથી વધાવવા, વારંવાર યંત્ર ચાલુ અને બંધ કરવા રોકાય છે.



સ્ટેસીની મમ્મી સ્ટેસી વધારે ધ્યાનપૂર્વક સાંભળે તે માટે (અને છેવટે જાજમ સાફ કરવા) વેક્યુમ આખી જાજમ પર સ્ટેસીથી વધારે દૂર મૂકે છે. સ્ટેસીની ઉંમર અને ધ્યાન આપવાના સમયગાળાને લીધે, તેઓ દરરોજ થોડી મિનિટ જ વિતાવી શકે છે. પરંતુ સ્ટેસીએ આ સાંભળવાની રમતના નિયમો શીખી લીધા છે જે ઘરમાં મહાવરો કરવાની અને શીખવાની ઘણી તકો ખોલે છે.

"સાંભળવાની રમત" માં ઉપયોગ કરવા વિચારવા યોગ્ય અન્ય અવાજ કરતી વસ્તુઓમાં સામેલ છે:

- ડિશવોશર્સ
- બ્લેન્ડર્સ
- મિક્ષર્સ
- હેર ડ્રાયર્સ
- ઇલેક્ટ્રિક શેવર્સ
- વોશિંગ મશીનો
- ક્લોથ ડ્રાયર્સ
- ટેલીવિઝન
- રેડિયો

> સ્ટેસીની મમ્મી વેક્યુમ ક્લીનરનો ઉપયોગ સ્ટેસીના સંવાદને પ્રોત્સાહિત કરવા કરે છે.

ઘર બહાર, બાળકો આ વસ્તુઓમાંથી અવાજ સાંભળી શકે છે:

- કાર હોન
- મોટરસાઇકલ એન્જીન
- ફાયર એન્જીન
- લૉન મૉવર

## ઘરમાં:
## અક્ષમતાવાળા બાળકો માટેની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો નમૂનો

### શૈક્ષણિક પ્રવૃત્તિનો નમૂનો #2:
### માર્કસ અને તેના દાદા

વર્ણન: માર્કસ ત્રણ વર્ષનો ડાઉન્સ સિન્ડ્રોમ (રંગસૂત્રોની વિકૃતિ) થી પીડાતો બાળક છે. તે ઘણાં શબ્દો સમજી શકે છે અને આશરે ૪૦ શબ્દો બોલવાનું શબ્દભંડોળ ધરાવે છે (કેટલાક શબ્દો તે બીજા કરતા વધારે સ્પષ્ટતાથી બોલે છે). તેના સ્નાયુઓ નબળા હોવા છતાં, તે ચાલી શકે છે.

દાદા માર્કસને પોતાનું શબ્દભંડોળ વિસ્તારવામાં મદદ કરવા કરિયાણાની દુકાને લઇ જાય છે.

માર્કસ ખુશમિજાજી અને પ્રેમાળ બાળક છે જેને પોતાના કુટુંબ જોડે "શીખવાની" રમતો રમવાની મઝા આવે છે. તેના કુટુંબને માર્કસની પ્રગતિમાં ઘણો રસ છે અને નવી આવડતો વિકસાવે એટલે બારીકાઇથી નિહાળે છે. તેની માતા માર્કસ બોલી શકે એવા શબ્દોની યાદી ફ્રિજ પર ચોંટાડે છે. તે નવા શબ્દો શીખે અને ઉપયોગમાં લે એટલે તે યાદીમાં ઉમેરો કરે છે. માર્કસ પોતાના દાદા સાથે ઘણી નિકટતા ધરાવે છે.



**પ્રવૃત્તિ:** દાદા મળવા આવે ત્યારે, દાદા અને માર્કસ મોટા સમય સાથે વિતાવે છે અને મઝા કરે છે. તેઓ કરિયાણાંની દુકાને જાય ત્યારે, માર્કસને પોતાનું શબ્દભંડોળ વિકસાવવામાં મદદ કરવા દાદા સારો સમય વિતાવે છે. દાદા અભરાઇ પરથી ચીજવસ્તુઓ લે એટલે, માર્કસને તેનું નામ જણાવવા કહે છે.

દાદા હંમેશા દૂધ અને જ્યુસ જેવી વસ્તુઓથી શરૂઆત કરે છે કારણ કે માર્કસ આ શબ્દો પહેલેથી જાણે છે. માર્કસ વસ્તુઓના સાચા નામ જણાવે એટલે, દાદા મલકાય છે અને તાળી પાડીને કહે છે, "માર્કસ, સારી વાત કરી." માર્કસ બીજા લોકોની સ્વીકૃતિથી ખુશ થતો હોવાને લીધે, દાદાના સ્મિત, તાળીઓ અને આલિંગન મેળવવા વધારે મહેનત કરે છે.

જ્યારે દાદા નવો શબ્દ શીખવવા ઇચ્છે ત્યારે, માર્કસને વસ્તુનું નામ કહે છે અને તેને તે કહેવા જણાવે છે. ઉદાહરણ તરીકે, દાદા કેળાનું નામ શીખવે ત્યારે, તેઓ કહે છે, "આ કેળું છે. માર્કસ, હવે કહો કે આ શું છે?". "કલ" શબ્દ જેવા કોઇ પણ પ્રયત્નને દાદા સ્વીકારે છે અને વખાણ કરે છે.

દાદા એક સમયે ફક્ત એક જ શબ્દ શીખવવાનો પ્રયત્ન કરવાની અને ડિનરના સમય જેવા અન્ય પ્રસંગો પર મહાવરો કરવાની માર્કસને છૂટ આપવાની કાળજી રાખે છે છે, જેથી કરીને આ શબ્દો માર્કસના શબ્દભંડોળનો ભાગ બને. માર્કસ શબ્દ "ધરાવે" અથવા કહી શકે, એટલે તે ફ્રિજના દરવાજે લગાડેલી યાદીમાં ઉમેરાઇ જાય છે. માર્કસ પોતાની યાદી લાંબી થતી જોઇને ખુશ થાય છે.

**મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન**
ખાસ શિક્ષણ વિભાગ/અર્લી ઇન્ટરવેન્શન સેવાઓ
અર્લી ચાઇલ્ડહુડ ઇન્ટરવેન્શન એન્ડ એજ્યુકેશન બ્રાંચ

James H. DeGraffenreidt, Jr.
પ્રમુખ, મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ

Nancy S. Grasmick
રાજ્યની શાળાઓના સંચાલક

Carol Ann Heath
રાજ્યના સહાયક સંચાલક
ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ

Martin O'Malley
ગવર્નર

મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ રોજગારને અસર કરતી બાબતો કે કાર્યક્રમોમાં પ્રવેશ પૂરો પાડવા જાતિ, રંગ, લિંગ-જાતિ, રાષ્ટ્રીય મૂળ, ધર્મ, અક્ષમતા, કે જાતિય અભિમુખતાના આધાર પર કોઇ ભેદભાવ કરતો નથી. વિભાગની કાર્યનીતિ સંબંધિત કોઇ પણ પૂછપરછ માટે, કૃપા કરીને સંપર્ક સાધો: Equity Assurance and Compliance Branch, Office of the Deputy State Superintendent for Administration, Maryland State Department of Education, 200 West Baltimore Street, 6th Floor, Baltimore, Maryland 21201-2595, Voice 410-767-0433, Fax 410-767-0431, TTY/TDD 410-333-6442, www.marylandpublicshools.org.

આ દસ્તાવેજ ખાસ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ, IDEA, ભાગ B, યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ઑફિસ ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન એન્ડ રિહેબિલિટેટિવ સર્વિસિઝએ પૂરાં પાડેલ ભંડોળ, ગ્રાન્ટ #H027A020035, દ્વારા વિકસાવવામાં અને મુદ્રિત કરવામાં આવ્યો હતો. અમેરિકન્સ વિથ ડિસેબિલિટિઝ એક્ટ (ADA) અંતર્ગત માંગણી કરવાથી આ દસ્તાવેજ વૈકલ્પિક સ્વરુપે ઉપલબ્ધ કરાવી શકાય છે. મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ, અર્લી ચાઇલ્ડહુડ ઇન્ટરવેન્શન એન્ડ એજ્યુકેશન બ્રાંચનો સંપર્ક અહીં સાધો: ફોન: 410-767-0261 , ફેક્સ: 410-333-8165 .

MARYLAND STATE DEPARTMENT OF
EDUCATION
EQUITY AND EXCELLENCE

ડિવિઝન ઑફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસિઝ • અર્લી ચાઇલ્ડહુડ ઇન્ટરવેન્શન એન્ડ એજ્યુકેશન બ્રાંચ *પુન: મુદ્રણ 7/09*